**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સરકારી છાત્રાલયોમાં માન્ય સંખ્યામાં વધારો કરવા અંગેની વર્ષ: ૨૦૨૫- ૨૬ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: TDD/CTL/e-file/25/2024/1065/G

સચિવાલય, ગાંધીનગર.

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:-**

(૧) કમિશનરશ્રી(આ.વિ)ની કચેરીનો તા.૧૩/૧૨/૨૦૨૪નો ક્ર. DOTD/ING/e-file/242/2024/2410/Hostel

(૨) કમિશનરશ્રી(આ.વિ)ની કચેરીનો તા.૧૦/૦૧/૨૦૨૫નો ક્ર. DOTD/ING/e-file/242/2024/2410/Hostel

**આમુખ :-**

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેના કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરીયાતવાળા બાળકોને રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ સરકારી છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી માન્ય સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં પ્રવેશથી વંચિત રહેતા હોય છે. આવા જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીના ભાવિને ધ્યાને રાખી અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેઓ સરકારી છાત્રાલયોમાં રહી ઉચ્ચ શિક્ષણ મેળવી શકે તે માટે માંગણી ક્રમાંક: ૯૩ આયોજન સદરે હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ-૫૦ છાત્રો/છાત્રાઓના વધારા માટે કુલ રૂ. ૦.૨૩ કરોડ તથા માંગણી ક્રમાંક:૯૬ આયોજન સદરે હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ-૧૨૩૫ છાત્રો/છાત્રાઓના સંખ્યા વધારા માટે કુલ રૂ.૫.૫૬ કરોડ આમ, કુલ મળીને રૂ. ૫.૭૯ કરોડની નવી બાબતને વર્ષ: ૨૦૨૫-૨૬ના અંદાજપત્રોમાં સમાવેશ કરવા માટે ઉપરના વંચાણે લીધા (૧) અને (૨) સામેના પત્રથી દરખાસ્ત કરેલ, જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે, આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના આ સાથે સામેલ પત્રક મુજબના સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંત કુલ-૧૨૮૫નો સંખ્યા વધારો મંજૂર કરવા માટે રૂ.૫.૭૯ કરોડની નવી બાબતને માંગણી નં.૯૩ તથા માંગણી નં.૯૬ આયોજન સદર હેઠળ સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

૧. આ સદર હેઠળનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૫ બાદ જ કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી કમિશનરશ્રી (આ.વિ)એ રાખવાની રહેશે.

૩. આ યોજનાનો અમલ કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય,ગાંધીનગર નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

૪. નિયત પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

૫. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeMPortal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી

કરવાના રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

૬. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

૭. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

૮. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

૯. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે. ૧૦. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના

આદેશો મેળવી લેવાના રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય

જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૭. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૮. આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સરકારી છાત્રાલયોમાં હાલની માન્ય સંખ્યા ઉપરાંતની સંખ્યા વધારાને સમાવવા માટે પર્યાપ્ત માળાખાકીય સુવિધાઓ મળી રહે તે કમિશનરશ્રી (આ.વિ) એ સુનિશ્ચિત કરવાનુ રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૩ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭ શિક્ષણ, પેટા સદર: (૧૫)વીકેવાય-૧૨ સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ **તથા** માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન) મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: (૦૯)વીકેવાય-૧૨ સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૬/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જનક ભાલોડિયા)
સેક્શન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આ.વિ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

- નાણા સલાહકારશ્રી (આ.વિ.), સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર. (કમિશનરશ્રી(આ.વિ.)ની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીની કચેરી. (કમિશનરશ્રી(આ.વિ.)ની કચેરી મારફત)
- સેક્શન અધિકારીશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.)
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૫

**ઠરાવ ક્રમાંક: TDD/CTL/e-file/25/2024/1065/Gનું પત્રક**

| ક્રમ | છાત્રાલયોના નામ | કક્ષા | કુમાર/કન્યા | DST/TASP | માન્ય સંખ્યા ઉપરાંત વધારો |
|---|---|---|---|---|---|
| ૧ | સરકારી કુમાર છાત્રાલય-૧ તા. વાવોલ જિ. ગાંધીનગર. | કોલેજ | કુમાર | DST | ૧૫ |
| ૨ | સરકારી કુમાર છાત્રાલય, વડદલા, તા.જિ. ભરૂચ. | કોલેજ | કુમાર | DST | ૨૦ |
| ૩ | સરકારી કન્યા છાત્રાલય હિંમતનગર, જિ. સાબરકાંઠા | કોલેજ | કન્યા | DST | ૧૫ |
| ૪ | સરકારી કુમાર છાત્રાલય ભિલોડા, તા.ભિલોડા, જિ. અરવલ્લી | કોલેજ | કુમાર | TASP | ૧૦ |
| ૫ | સરકારી કુમાર છાત્રાલય-૧ આહવા, જિ. ડાંગ | કોલેજ | કુમાર | TASP | ૩૦ |
| ૬ | સરકારી કુમાર છાત્રાલય-૧ દાહોદ, જિ. દાહોદ | માધ્યમિક | કુમાર | TASP | ૪૦ |
| ૭ | સરકારી કન્યા છાત્રાલય દાહોદ, જિ. દાહોદ. | માધ્યમિક | કન્યા | TASP | ૨૦ |
| ૮ | સરકારી કુમાર છાત્રાલય, લીમખેડા, જિ. દાહોદ | માધ્યમિક | કુમાર | TASP | ૨૦ |
| ૯ | સરકારી કુમાર છાત્રાલય-૧ રાજપીપળા, તા.નાંદોદ, જિ. નર્મદા | કોલેજ | કુમાર | TASP | ૫૫ |
| ૧૦ | સરકારી કુમાર છાત્રાલય, નરસિંગપુરા, તા. સંતરામપુર, જિ. મહીસાગર | કોલેજ | કુમાર | TASP | ૨૫ |
| ૧૧ | સરકારી કુમાર છાત્રાલય-૧, બામટી, તા. ધરમપુર, જિ. વલસાડ | કોલેજ | કુમાર | TASP | ૩૦ |
| ૧૨ | સરકારી કુમાર છાત્રાલય ખેડબ્રહ્મા, તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા | કોલેજ/માધ્યમિક | કુમાર | TASP | ૨૦ |
| ૧૩ | સરકારી કન્યા છાત્રાલય-૨, માંડવી, તા. માંડવી, જિ. સુરત | કોલેજ | કન્યા | TASP | ૨૦૦ |
| ૧૪ | સરકારી કુમાર છાત્રાલય, બારડોલી, તા. બારડોલી, જિ. સુરત | કોલેજ | કુમાર | TASP | ૧૨૫ |
| ૧૫ | સરકારી કન્યા છાત્રાલય-૧, બારડોલી, તા.બારડોલી, જિ. સુરત | કોલેજ | કન્યા | TASP | ૧૨૦ |
| ૧૬ | સરકારી કુમાર છાત્રાલય, વાંકલ, તા.માંગરોળ, જિ. સુરત | કોલેજ | કુમાર | TASP | ૨૨૫ |
| ૧૭ | સરકારી કન્યા છાત્રાલય, વાંકલ, તા.માંગરોળ જિ. સુરત | કોલેજ | કન્યા | TASP | ૩૦૦ |
| ૧૮ | સરકારી કન્યા છાત્રાલય, ઉમરપાડા, તા.ઉમરપાડા જિ. સુરત | કોલેજ | કન્યા | TASP | ૧૫ |
| **કુલ સંખ્યા વધારો** | | | | | **૧૨૮૫** |

Signature Not Verified
Signed by: Janak Bhalodiya
Section Officer
Date: 2025.03.29 15:28:26 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign